


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૨૪-૨-૨૦૨૪ શનિવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ મહા સુદ ૧૫ વર્ષ : ૨૮ અંક ૧૬૫

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનાં વરદ હસ્તે ઇ-ખાતમુહુર્ત અને લોકાર્પણ

# અમરેલી જિલ્લાને ૩૫૮ કરોડનાં કામોની ભેટ

### તા.૨૫મી એ ૬૬ કેવીનું લોકાર્પણ : મહુવા બાઢડા નેશનલ હાઇવે અને લાઠી ચાવંડ પાઇપલાઇનનું ખાતમુહુર્તઃ ૨૬મી એ મહુવા-રાજુલા રેલ્વે સ્ટેશન અને અંડરબ્રીજ લોકાર્પણ

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે જિલ્લાનાં મહત્વના પ્રોજેક્ટોના ઇ-ખાતમુહુર્ત અને લોકાર્પણ માટે સાંસદશ્રી નારણભાઇ કાછડીયા દ્વારા તૈયારીઓ



અમરેલી,આગામી તા. ૨૫ ફેબ્રુઆરી અને ૨૬ ફેબ્રુઆરીના રોજ દેશના યશસ્વીપ્રધાનમંત્રીશ્રીનરેન્દ્રભાઈમોદી અમરેલી લોકસભા ક્ષેત્રમાં નિર્માણ પામેલ તેમજ મંજુર થયેલ અંદાજીત રૂ. ૩૫૮ કરોડનાવિકાસનાકામોનુંવર્ચ્યુલી ઈ-ખાતમુહુર્તઅનેઈ-લોકાર્પણકરવાના છે ત્યારે અમરેલીના સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાએવિકાસનાકામો અંગેમાહિતીઆપતાજણાવેલછેકે,મોદી સરકાર ા૨ા દેશના અને છેવાડાના માનવીના વિકાસ માટે નિરંતર પ્રયાસો થઈ રહયા છે ત્યારે આદરણીય વડાપ્રધાનશ્રીદ્વારાતા. ૨૫ફેબ્રુઆરીના રોજ અમરેલી જીલ્લાના નિંગાળા-૨, ચરખડીયા, વઢેરા, માચીયાળા, અમૃતપુર, લુવારીયા, સુર્યપ્રતાપગઢ અને દહીંથરા એમ કુલ-૮ ગામોમાં રૂા. ૫૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ૬૬ કે.વી. સબ સ્ટેશનોનું લોકાર્પણ તેમજ મહુવા થી જેતપુર નેશનલ હાઈવે નં. ૩૫૧ ના પેકેજ-૧ એટલે કે, મહુવા થી બાઢડા ૪૭ કિ્મી. રૂા. ૧૭૩ કરોડના કામનું ખાતમુહુર્ત અને લાઠી-લીલીયા-ચાંવડ વચ્ચે રૂા. ૮૯ કરોડના ખર્ચે વોટર સપ્લાયના કામનું ખાતમુહુર્ત થવાનું છે. તેમજ તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ અમરેલી લોકસભા વિસ્તારના મહુવા ખાતે રૂા. ૮.૭૦ કરોડ અને રાજુલા ખાતે રૂા. ૧૦.૮૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલ અમૃત ભારત રેલ્વે સ્ટેશનોનું લોકાર્પણ તેમજ અમરેલી જીલ્લાના વડલી ગામ પાસે આવેલ ફાટક નં. ૮, નાના ભમો અને અમૃતવેલ ગામ વચ્ચે આવેલ ફાટક નં. ૫૪, જીરા અને

(અનુ.પાના નં.૫)

## રીલાયન્સ ડીફેન્સ કંપનીને શ્વાન એનર્જીએ ખરીદી લીધા બાદ પગારમાં વધારો ન કરાતા

# રાજુલામાં રીલાયન્સ ડીફેન્સનાં ૩૦૦ કર્મચારીઓ હડતાલમાં

### કર્મચારીઓની રોજ રાત્રે ભરતી કરી નવા કર્મચારીઓને ચુકવાતો ડબલ પગાર



રાજુલા,(કનુભાઈ વરૂ)

શ્વાન એનર્જીનો ઉચ્ચ અધિકારીઓતોસ્ટાફઆકંપનીમાંકબજો સંભાળી આવીને બેસી ગયો છે ૮૦% નોકરીયાતોનો પગાર અખબારી અહેવાલો બાદ અપાઈ ગયો બાકીનાઓનો હજી બાકી છે ઘણા ખરા જેટલા કર્મચારીઓપગારબેવર્ષનોબાકી રહેતાછૂટાથઈગયાછેપગારપણમળતો નહીં કામગીરી પણ કાંઈ કરાતા નથી ન હતી.

૭૫ ટકા કર્મચારીઓ છૂટા થઈ ગયા રાજીનામાંઆપ્યાજ્યારેકેટલાકચાલુછે પણ પગાર મળ્યો નથી જેને કારણે છૂટા થઈ ગયા હતા આ કંપની પાસે હાલ કોઈપણ જાતનું કામ નથી માત્ર ૪૦૦ જેટલા કર્મચારીઓ છે તેમનો પગાર આપીદેતા કર્મચારીઓ રાહતની લાગણી થઈ અને કંપનીએ પગાર ૪૦૦ જણાનો કરી દીધો કારણકે જૂના કર્મચારીઓને

(અનુ.પાના નં.૫)

## શિયાળા અને ઉનાળા જેવા મિશ્ર વાતાવરણને કારણે લોકોને વ્યાપક અસર

# અમરેલી જિલ્લામાં ઋતુજન્ય રોગચાળો : શરદી તાવના કેસો

### જાન્યુઆરીથી ૨૨ ફેબ્રુઆરી સુધીમાં ડેંગ્યુના પાંચ કેસ જયારે ખાનગી દવાખાનામાં ડેંગ્યુના કેસો વધુ

અમરેલી,

અમરેલી શહેર અને જિલ્લામાં સરકારી દવાખાનામાં જાન્યુઆરી થી ૨૨ ફેબ્રુઆરી સુધીમાં ડેંગ્યુમાં માત્ર પાંચ કેસ નોંધાયા છે. જયારે મેલેરીયાના ઝીરો કેસ છે.

જયારે અમરેલી જિલ્લાના ખાનગી દવાખાનાઓમાં ડેંગ્યુ અને મેલેરીયાના વધુ કેસો જતાં હોય છે. હાલમાં અમરેલી જિલ્લામાં મિશ્ર ઋતુના અહેસાસ વચ્ચે ઋતુજન્ય રોગચાળો વકર્યો છે.અને લોકોને શરદી ઉધરસ તાવની અસરમાં સપડાયા છે અને ખાનગી દવાખાનાઓમાં વધુ દર્દીઓ જોવા મળી રહ્યા છે.

## અમરેલીના એસપીશ્રી હિમકરસિંહની સુચનાથી

# અમરેલીમાં શહેર અને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ફુટ પેટ્રોલીંગ

### શહેરમાં ટ્રાફિકની સમસ્યા ધ્યાને લઇ લોકોને મુશ્કેલી ન પડે તે માટે ટ્રાફિક સમસ્યા નિવારવા આયોજન



અમરેલી,(ડેસ્કરિપોર્ટર)

અમરેલી એસ.પી. હિંમકરસિંહનાઓ દ્વારા સૂચના આપવામાંઆવેલઅવારનવારઅમરેલી શહેરમાંટ્રાફિકનીસમસ્યાનેલઈખૂબજ હાલાકી ભોગવી રહ્યા હોય અમરેલી શહેરની જનતાને કોઈપણ જાતની હાલાકી ન ભોગવી પડે એ અનુસંધાને અમરેલી સીટી પોલીસ સ્ટેશન માં ફરજ બજાવતા પી.આઈ ડી.કે.વાઘેલા તથા જિલ્લા ટ્રાફિકમાં ફરજ બજાવતા પીએસઆઇ વિજય ગોહિલ નાઓને સૂચના આપવામાં આવેલ અમરેલીમાં ટ્રાફિકની સમસ્યા વારંવાર રજૂઆત આવતી હોય જેને ધ્યાને લઈને અમરેલી શહેરના રાજ માર્ગો, અને ટ્રાફિકની સમસ્યા રહેતી હોય જેવા કે જિલ્લા પંચાયતરોડ,એસટીડેપો,રાજકમલચોક, ઈન્દિરા શોપિંગ સેન્ટર, હરી રોડ, ટાવર ચોક, જેવા જુદા જુદા વિસ્તારોનો ફૂટ પેટ્રોલિંગ કરી લોકોને પડતી મુશ્કેલી ટ્રાફિકની સમસ્યાને લઈ અમરેલી શહેરની જનતાને ટ્રાફિક વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું તથા અમરેલી શહેરમાં

(અનુ.પાના નં.૪)

# અમરેલી જિલ્લામાં બે દિવસ વાતાવરણ ઠંડુ સુકુ અને વાદળછાયુ રહેવાની શક્યતાઓ

### મહતમ તાપમાન ૩૨ થી ૩૩ ડિગ્રી અને લઘુતમ ૧૬ થી ૨૦ ડિગ્રીની શક્યતા

અમરેલી,

અમરેલી જિલ્લા કૃષિ હવામાન એકમ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યા મુજબ જિલ્લામાં તા.૨૪-૨૫ દરમિયાન વાતાવરણ મધ્યમ ઠંડુ અનુ સુકુ આંશીક વાદળાયુ રહેવાની શક્યતા છે. તા.૨૬ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન મહતમ અને લઘુતમ તાપમાનમાં વધારો થવાની શકયતા છે. તા.૨૪ થી ૨૮ દરમિયાન ધુમ્મસ ઝાકળ વરસાદની કોઇ શક્યતા નથી. તેમ કૃષિ હવામાન એકમ દ્વારા જણાવાયુ છે.


















### પૂજ્ય રતિદાદાના માર્ગદર્શન નીચે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સર્વજ્ઞાતિ લગ્નોત્સવ

# ચલાલામાં સર્વજ્ઞાતિ સમુહલગ્નોત્સવ સંપન્ન

**ભવ્યાતિ ભવ્ય સમુહલગ્નોત્સવમાં લંડન, અમેરિકા, આફ્રિકા, ઇટાલી સહિત વિદેશ ધરતી પરથી મહેમાનો ઉમટયાં : ભવ્ય સમુહલગ્નમાં ૨૮ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા**

**સમુહલગ્નોત્સવમાં ૧૦૪ ચીજવસ્તુઓ કરિયાવર રૂપે ભેટ અપાઇ : શ્રી શાંતાબેન ગજેરા મેડિકલ કોલેજના સહયોગથી મહારકતદાન કેમ્પ યોજાયો : સુંદર આયોજન**














ચલાલા, ગુજરાત સરકાર દ્વારા સેવા તેમજ તબીબી શ્રેત્ર નો જેમને વિશિષ્ટ એવોર્ડ પ્રદાન થયો છે. એવા ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ધારી રોડ ખાતે માનવ સેવાની અખંડ જ્યોત જગાવી છે.અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર સ્થાપક પ. પૂ. શ્રી રામશર્મા આચાર્યજીના યુગ નિર્માણના સંકલ્પો સાકાર કરવાના પ્રયત્નો કરી રહેલ આ સંસ્થા દ્વારા વિવિધ સેવા શ્રેત્રે અસંખ્ય પ્રવૃત્તિઓ જીવંત રૂપે નીઃસ્વાર્થ ભાવનાથી ચાલી રહી છે. તાજેતરમાં સંસ્થા દ્વારા ચલાલા ખાતે વીસમાં સર્વજ્ઞાતીય સમૂહ લગ્નોત્સવ સફળ રીતે યોજાય ગયા. જ્ઞાતિ જાતી કે ધર્મના ભેદભાવ વગર માનવસેવાના આ ભાગીરથ કાર્યોની જુદી જુદી જ્ઞાતિના ૨૮ નવયુગલો એ લાભ લીધો હતો અને સમાજના સાચા જરૂરિયાતમંદો સુધી પહોચવાનો પ્રયત્ન ગાયત્રી પરીવાર દ્વારા થયો હતો. કાર્યક્રમના શુભારંભમાં સંસ્થાના વડા પૂ. રતિદાદા એ સંસ્થાની માનવસેવાકીય પ્રવૃત્તિઓની ઝાંખી કરાવી હતી તેમજ નવદંપતિઓને આશીર્વચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમ માં કરુણાનીધાનબાપુ, પ્રફુલભાઈ સેંજળીયા, કોકીલાબેન કાકડિયા, દીપુબેન ગોહીલ, મનીષભાઈ સંઘાણી, ડો.ચંદ્રમોલી જોશી સાહેબ, દુલાબાપા, લાલજીભાઈ ખુંટ, રમણીકભાઈ સરપંચ, પ્રફુલભાઈ શિરોયા, ભયલુભાઈ વાળા, પ્રકાશભાઈ કરીયા, મહેન્દ્રભાઈ સાદરાણી, હિંમતભાઈ દોંગા, હરેશભાઈ જેબલિયા, પરશુરામભાઈ બોરીસાગર, મનસુખભાઈ મહેતા, વજુદાદા, ભાવેશકુમાર બોરીસાગર, મનુભાઈ બારોટ, અરુણભાઈ તથા ઉર્મિલાબેન રૂપારેલીયા -યુ. કે., શૈલેશભાઈ તથા રેખાબેન - યુ. કે.. પરેશભાઈ તથા અંકિતાબેન - કંપાલા, દિલીપભાઈ તથા રંજનાબેન - ઈટાલી, અશોકભાઈ તથા અરુણાબેન - યુ. કે. ચંદ્રિકાબેન ઉનડકટ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ સમૂહલગ્નોત્સવમાં દરેક કન્યાને ૧૪૦ વસ્તુ કરિયાવર રૂપે ભેટ આપવમાં આવી હતી.આ લગ્નોત્સવની સાથે શાંતાબેન હરિભાઈ ગજેરા મેડીકલ કોલેજ ના સહયોગથી મહારકતદાન શિબિરનું પણ આયોજન કર્યું હતું. જેનો અસંખ્ય રક્ત દાતાશ્રીઓએ લાભ લીધો હતો.ગુરુદેવની કલમેં લખાયેલા ૩૨૦૦ પુસ્તકો અડધી કિંમતે મળે તે માટે સ્ટોલ રાખવામાં આવ્યો હતો. ચા - પાણી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિની આદર્શ સપ્તપદીની શાસ્ત્રોક્ત લગ્ન વિધિથી વાતાવરણ દેવીમય બની ગયું હતું.આ કાર્યકમનું સમગ્ર સંચાલન ડાયરેકટર શ્રી ભારતભૂષણ મહેશભાઈ મહેતા, તેમજ આચાર્ય શ્રી શીતલબેન મહેતા એ કર્યું હતું.

## બગસરામાં સુથાર લુહાર સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતિ ઉજવાઇ





બગસરા સુથાર લુહાર સમાજ દ્વારા ભવ્ય વિશ્વકર્મા તેરશ નિ ઉજવણી કરવામાં આવિ જેમાં વિશ્વકર્મા જયંતી નિમિત્તે સુથાર લુહાર સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા બગસરા ના મુખ્ય માર્ગો પર નિકળી હતી અને મહાપ્રસાદ નુ આયોજન કરવામાં આવ્યું હતુ તેમ બગસરા સુથાર લુહાર ના અગ્રણી ચીરાગ પરમાર સહિત હાજર રહયા હતા તે તસ્વીરમાં નજરે પડે છે.

## જાફરાબાદ બ્રહ્મ સમાજ અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખના માતૃશ્રીનું નિધન : શોક

રાજુલા, જાફરાબાદ બ્રહ્મ સમાજ અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ જયેશભાઈ હરકાંતભાઈ ઠાકરના માતૃશ્રી અન્નપૂર્ણાબેન હરકાંતભાઈ ઠાકર ઉંમર વર્ષ ૮૬ નું આજરોજ નિધન થયું હતું જે મનોજભાઈ જયેશભાઈ તેમજ પ્રવિણાબેન જનકભાઈ રાવળ ભાવનગરના માતૃશ્રી થાય અને નિરવભાઈ મહાદેવભાઈ ના દાદીમા તેમજ કેતનભાઈ મૌલિનભાઈ નિધીબેન ના ભાભુ થાય. તેના નિધનના સમાચારથી જાફરાબાદ શહેરમાં શોક આપી જવા પામ્યો હતો અને સ્મશાન યાત્રામાં વેપારીઓ અને બ્રહ્મ સમાજ અગ્રણીઓ જોડાયા હતા જેને ધારાસભ્ય હીરાભાઈ સોલંકી એ પણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

### રાજુલાના નિવૃત મામલતદારનું નિધન

રાજુલા નિવાસી અને નિવૃત્ત મામલતદાર ઔદીચ્ય ઝાલાવાડી બ્રહ્મ સમાજ ના બાબુભાઈ જયશંકરભાઈ જોશી ઉંમર વર્ષ ૭૧ નું આજરોજ ૨૨ ના રોજ નિધન થયું છ જેવો જાફરાબાદ તાલુકાના કાગવદર ગામના વતની હતા અને ૨૦ વર્ષથી તેઓ રાજુલામાં થાય ત્યાં હતા તેમજ ખેડૂત અગ્રણી હતા અને રાજુલામાં પણ સારી એવી પ્રતિષ્ઠા હતી જે કરણભાઈ અને અર્જુનભાઈ ના પિતાશ્રી થાય તેમજ ભુપતભાઈ જોશી નિવૃત શિક્ષક છે મધુભાઈ જોશી નિવૃત્ત એસટી ના સ્ટાફ છે અને કિશોરભાઈ જોશી સારા ભજનીક અને કથાકાર પણ છે બાબુદાદા ના સૌ થી નાના ભાઈ છે આ સમાચારથી તેઓ કાઠી ક્ષત્રિય સમાજમાં સારું એવું પ્રભુત્વ ધરાવતા હોવાથી તેની અંતિમયાત્રામાં પણ ઘણા આગેવાનો વેપારીઓ જોડાયા હતા

**મોકાનું મકાન વેચવાનું છે**
ચક્કરગઢ રોડ, રામવાડી-૪, લેઉવા પટેલ શૈક્ષણિક સંકુલ નજીકમાં દોઢ વસા જમીનમાં કોર્નરનું, બંને બાજુ ૨૦ ફુટ પેવર રોડ પાણીના દારની સુવિધા, ફુલ ફર્નિશવાળુ મકાન માલીકને બહાર જવાનું હોવાથી તાત્કાલીક વેચવાનું છે ફોરવ્હીલ પાર્કિંગની સુવિધા સાથે
સંપર્ક સમય : રાત્રે ૮:૩૦ થી ૧૦:૦૦
સંપર્ક : મો.૯૪૨૯૨ ૨૨૦૧૮

સૌરાષ્ટ્ર એસંસ સ્ટોર્સનું ઉત્પાદન
**ઘઉંના પાપડ**
**ચોખાના પાપડ**
જીરૂ - મસાલાવાળા મળશે
**સૌરાષ્ટ્ર એસંસ સ્ટોર્સ**
ટાવર પાસે, અમરેલી મો.૯૮૭૯૨ ૩૪૩૩૨

MUTUAL FUND **SIP**
ટીપે ટીપે સરોવર, કાંકરે કાંકરે પાળ..
SIP એ SIP એ ધનનાં ઢગલે ઢગલા..
આજે જ... અત્યારે જ શરૂ કરો
સંપર્ક : દ્વારકાદાસ લલાડીયા
નોલેજ આધારિત ઉમદા સર્વિસ
સમૃધ્ધિ સેતુ ઇન્વેસ્ટમેન્ટ-ઇન્સ્યુરન્સ સર્વિસ
ઓફીસ - ૧૭, બીજે માળે, સીટી મોલ, રાજકમલ ચોક, અમરેલી
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૦૪૦ મો.૯૩૨૮૬ ૧૨૦૦૦ / ૯૯૨૫૬ ૨૮૨૭૪

**1BHK ફલેટ વેચવાનો છે**
અમરેલી માણેકપરા, ભગવતી ચોકમાં તાત્કાલીક વ્યાજબી કિંમતે ફલેટ વેચવાનો છે
તાત્કાલીક સંપર્ક કરો
સંપર્ક : મો.૯૧૦૬૯ ૬૧૦૪૧

**જય રામદેવ ટ્રાવેલ્સ**
ખાંભા, ધારી, તાતણીયા, નેસડી, અમરેલી NON AC
વિસાવદર, ધારી, અમરેલી NON AC
વાયા : આણંદ, વડોદરા સીટી, શાણી જકાતનાકા, કાલાઘોડા, લાલબાગ, ફતેગઢ, જાંબવાબીજ, ભરૂચ, અંકલેશ્વર, સુરત
ચંદારાણા ટ્રાવેલ્સ એસ.ટી.ડેપો સામે, અમરેલી
મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૪૨૮૩ ૪૧૪૩૨, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૭૨૭૪ ૯૭૭૨૫, ૯૪૨૬૨ ૬૪૬૩૮ : Online booking : www.jayramdevtravels.com

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**મકાન વેચવાનું છે**
અમરેલીમાં લીલીયા રોડ, શ્યામનગર-૧ માં 4BHK સંપુર્ણ સગવડતા સાથેનું ૧ વસો જગ્યા ધરાવતુ પાણીના દાર સહિતનું મકાન વેચવાનું છે
સંપર્ક : મો.૭૯૮૪૮ ૭૪૦૫૭

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પ્લેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

સ્વાદના શોખીનો માટે ખુશખબર...
**સત્ અમર**
રાજસ્થાની સ્પે. દાલબાટી
માત્ર રૂા.૧૩૦/- માં અનલીમીટેડ
મો.૯૭૧૨૧ ૭૦૬૪૮, ૯૯૭૯૩ ૯૭૩૦૨, ૯૯૨૫૧ ૭૪૨૨૯
બ્રાન્ચ : ભેસાણ - જુનાગઢ
સ્થળ : લાઠી રોડ, લાલાવાવ હનુમાન મંદિરની આગળ, સોનાલીકા ટ્રેકટરના શો-રૂમની સામે, અમરેલી


## અમરેલી જિલ્લામાં હવે ઔદ્યોગિક ક્રાંતિ બાદ પ્રવાસન ક્ષેત્રે પણ મોટી ક્રાંતિ આવી રહી છે

# ધારીનો આંબરડી સફારી પાર્ક એશિયાનો સૌથી મોટો પાર્ક બન્યો છે

**સિંહ દર્શન માટે હવે સાસણ નહીં જાવું પડે અમરેલીથી માત્ર ૪૦ કિ.મી. દુર આવેલા આંબરડી સફારી પાર્કમાં મોટાભાગે સિંહ દર્શનની ગેરંટી હોય છે**

**દેશ-વિદેશના પ્રવાસીઓ માટે સુવિધાસભર અમરેલીનો અવધ હેરિટેજ રિસોર્ટ અને ધારીના લીયોનીયા રિસોર્ટ તેમજ લેકવ્યુ રિસોર્ટ પ્રવાસીઓમાં હોટ ફેવરીટ**








## ગુજરાતના પ્રવાસનમંત્રી શ્રી મુળુભાઇ બેરા, સાંસદશ્રી કાછડીયા, વિધાનસભાના નાયબ દંડક શ્રી વેકરીયા સહિતના તમામ ધારાસભ્યશ્રીઓની મહેનત હવે રંગ લાવી રહી છે

અમરેલી,

અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક ક્રાંતિ બાદ હવે પ્રવાસન ક્ષેત્રે પણ મોટી ક્રાંતિ આવી રહી છે. કારણ કે એશિયાટીક સિંહનું ઘર ગણાતા ગાંડીગીરને અડીને આવેલા ધારી તાલુકામાં એશિયાનો સૌથી મોટો આંબરડી સફારી પાર્ક કાર્યરત થઈ જશે. સિંહ દર્શન માટે સાસણ જતાં પ્રવાસીઓનો પ્રવાસ હવે અમરેલી જિલ્લાના ધારીના આંબરડી સફારી પાર્ક તરફ વળી રહ્યો છે. અમરેલીથી માત્ર ૪૦ કિ.મી. દુર આવેલા અને ૧૦ હજાર એકર જમીનમાં ફેલાયેલા આ સફારી પાર્કમાં મોટા ભાગે સિંહ દર્શનની ગેરંટી હોય છે. તાજેતરમાં ગુજરાતના પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઈ બેરા ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી કૌશિક વેકરીયા અને શ્રી કાછડીયા અને ધારાસભ્યશ્રી જે.વી. કાકડીયાના હસ્તે સફારી પાર્કના નવા બાંધકામનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સિંહ દર્શન કરવા આવતા દેશવિદેશના પ્રવાસીઓ માટે સારી સુવિધા વાળો અમરેલીનો અવધ હેરિટેજ રિસોર્ટ અને ધારીના લિયોનીઆ રિસોર્ટ તેમજ લેકવ્યુ રિસોર્ટ હોટ ફેવરિટ બન્યા છે.

આ આંબરડી સફારી પાર્કની બાજુમાં આવેલો ખોડિયાર ડેમ અને સૌરાષ્ટ્રના લોકોનું આસ્થાનું કેન્દ્ર એવા ચારણ માવડી શ્રી ગળધરા ખોડિયાર માતાજીનું મંદિર આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. તેવું આ વિસ્તારના ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા જણાવી રહ્યા છે.

ધારીનો આ આંબરડી સફારી પાર્ક ભૌગોલિક દ્રષ્ટિએ ખુબ જ સારો હોવા છતાં રાજય સરકાર દ્વારા તેની પબ્લિસિટી કરવા કચાસ રાખવામાં આવી તે વાત ધ્યાન વગર રહેતી નથી કારણ કે આવડા મોટા સફારી પાર્કનું ફોટોગ્રાફ વાળુ કે સફારી પાર્કની વિગતો દર્શાવતુ કોઈ મટીરીયલ કયાંય જોવા મળતુ નથી. સરકારશ્રીના પ્રવાસન વિભાગની જેમ જ માહિતી ખાતા નામનો પણ એક વિભાગ છે જે વનતંત્રને તેના સફારી પાર્કની પબ્લિસિટીમાં ગુજરાત સરકારના માહિતી ખાતાની સેવા પણ લઈ શકાય છે. તો આ સફારી પાર્કની પબ્લિસીટી વખતે પણ પ્રવાસન કે વનતંત્રએ ધ્યાન આપવું જરૂરી છે.

## આંબરડી સફારી પાર્કની બાજુમાં આવેલ શ્રી ખોડિયાર માતાજીનું મંદિર અને ખોડિયાર ડેમ પ્રવાસીઓનું આકર્ષણ બન્યા છે : ધારસભ્યશ્રી જે. વી. કાકડીયા


ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

# પાણીને લગતા કોઇપણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પલાઇન નં .નો સંપર્ક કરશો ૧૯૧૬.#

ટેન્ડર નોટીસ નં.૦૪/૨૩-૨૪ ટુંકી મુદતની નિવિદા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ અમરેલી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ,લાઠી રોડ શિવાજી છાત્રાલયફોન ૩૬૫૬૦૧- અમરેલી , ) નં૦૨૭૯૨ ( ઇશ્વરીયા ગ્રુપ જુથ પા.પુ.યોજનાના હેકળના ઇશ્વરીયા હે.વ.થી ગાવડકા હે.વ. સેકશનની ૯૧૪ મીમી વ્યાસની એમ.એસ. પાઈપલાઈન રીપ્લેસ કરવાની તેમજ આનુસંગીક કામગીરી કરવાવાના કામ માટે રૂા.૧૧૨૪૧૩/- આ કામ માટે માન્ય શ્રેણીના ઇજારદારો પાસેથી ઓફ લાઇન પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. આ કામની વિગતવાર નોટીસ આ કચેરીના નોટીસ બોર્ડ મુકવામાં આવશે કોરા ટેન્ડર લઇ જવાની તારીખ.૨૭/૦૨/૨૦૨૪ થી તા.૦૮/૦૩/૨૦૨૪ સુધી ૧૬:૦૦ કલાક સુધી આ કામના કોરા ટેન્ડરની કોપી મળી શકશે.તેમજ બંધ કવર પરત કરવાની તા.૧૫/૦૩/૨૦૨૪ સુધી ભરેલ ટેન્ડરો આર.પી.એ.ડી.,સ્પીડ પોસ્ટ અથવા રૂબરૂ થી કચેરીના સરનામે કચેરી સમય દરમ્યાન પહોંચતા કરવામાના રહેશે. કોઇ એક અથવા બધા ટેન્ડરો કારણ આપ્યા સિવાય રદ કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રીને અબાધિત રહેશે.

જિ.મા.કા./અમરે/ ૫૭૨/૨૪



ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

ઇ-ટેન્ડર નોટીસ નં.૧૨/૨૦૨૩-૨૪

કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ નં.-૧, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, લાઠી રોડ શિવાજી છાત્રાલય, અમરેલી - ૩૬૫૬૦૧ દ્વારા (૧) ઇશ્વરીયા ગૃપ યોજનાનામરામત અને નિભાવણી કામ માટે ૬ માસ માટે મેનપાવર સપ્લાય કરવાનું કામ રકમ રૂ.૨૪.૯૬ લાખ ટેન્ડર આઇ.ડી.૪૯૧૭૬ (૨) લાઠી-લીલીયા-ચાવંડ ગૃપ યોજનાના મરામત અને નિભાવણી કામ માટે ૪ માસ માટે મેનપાવર સપ્લાય કરવાનું કામ રકમ રૂ.૨૪.૫૯ લાખ ટેન્ડર આઇ.ડી.૪૯૧૭૧ થી માન્ય શ્રેણીના ઇજારદારો પાસેથી ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી માંગવામાં આવે છે. જે કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપરાંત ઇન્ટરનેટ વેબસાઇટ https://tender.nprocure.com/ ઉપર જોઇ શકાશે. ઓન લાઇન ટેન્ડર ભરવાની શરૂઆતની તા.૨૭/૦૨/૨૪ તથા છેલ્લી તારીખ ૦૫/૦૩/૨૦૨૪ ૧૮.૦૦ કલાક સુધીની રહેશે; હવે પછીના સુધારા ફકત ઓનલાઇન કરવામાં આવશે. કોઇ એક અથવા બધા ટેન્ડરો કારણ આપ્યા સિવાય રદ કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રીને અબાધિત રહેશે.

# પાણીને લગતા કોઇપણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પલાઇન નં.૧૯૧૬ નો સંપર્ક કરશો. #


# અમરેલીનાં સોરઠીયા પરિવારમાં રૂડો લગ્નોત્સવ

**અ.સૌ. ભાનુબેન તથા શ્રી ઘનશ્યામભાઇ સોરઠીયાના પુત્ર ચિ. પાર્થ ના ચિ. સ્વાતિ સાથે શુભલગ્નની તડામાર તૈયારી**



અમરેલી,અમરેલીનાં અ.સૌ. ભાનુબેન તથા શ્રી ઘનશ્યામભાઈ ગોરધનભાઇ સોરઠીયાના સુપુત્ર ચિ. પાર્થના શુભલગ્ન મોટા આંકડીયા નિવાસી અ.સૌ. ચંદ્રીકાબેન તથા શ્રી શૈલેષભાઈ ગંગદાસભાઈ વઘાસીયાની સુપુત્ર ચિ. સ્વાતિ સાથે તા.૨૯-૨-૨૪ ના રોજ યોજાનાર છે. અમરેલીથી સોરઠીયા પરિવાર વાજતે ગાજતે જાજેરી જાન લઈને મોટા આંકડીયા જશે આ લગ્નોત્સવ અંગે સોરઠીયા પરિવાર દ્વારા અનેરા ઉત્સાહ સાથે તડામાર તૈયારીઓ થઈ રહી છે. લગ્નોત્સવમાં સગા સ્નેહીઓ અને વિવિધ ક્ષેત્રનાં આગેવાનો સહિત ઉપસ્થિત રહી નવદંપતિને આર્શિવચન પાઠવશે.


જય ઉમિયા માતાજી ॐ નમો નારાયણ જય નાગનાથ મહાદેવ 94281 90118

યુવાનોને ક્રેઝી બનાવવાનું સરનામું એટલે...

ઉમિયા ફેશન

એક જ ભાવ સાઇઝ S TO 5XL

લગ્ન સરાની સીઝનને અનુરૂપ પાર્ટીવેર કલેક્શન

ફોર્મલવેરના સ્પેશ્યાલીસ્ટ

◆ કોટન ટ્રાઉઝર ◆ કેઝ્યુઅલ શર્ટ ◆ જીન્સ ◆ ફેન્સી શર્ટ ◆ ટી-શર્ટ

તેમજ ટ્રેકપેન્ટની વિશાળ રેન્જ જોવા પધારો.

સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)



વી. કે. મોટર્સ

VK MOTORS Giving you joy of Best Ride...

MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI

CAR SERVICE | SPARE | INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧

લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.

e_mail:kanpariyavipul4025@gmail.com



અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું

હારમની વિકેન્ડ વિલા

અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા

આ છે અહીંની વિશેષતાઓ...

- વિકટ્રીફાઇ ટાઇલ્સ
- સ્ટાન્ડર્ડ કવોલીટીમાં બાથરૂમ ફીટીંગ
- સ્ટાન્ડર્ડ બારી દરવાજા
- મેઇન ગેટે સિક્યુરીટી
- ગ્રેનાઇટ પ્લેટફોર્મ
- ૨૪ કલાક જનરેટરની સુવિધા
- આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
- સ્ટીલ ગ્રેલીંગ
- આર.સી.સી. રોડ
- સીસીટીવી કેમેરાથી સુસજ્જ

અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ

ટાઇટલ કલીયર લોનેબલ

સાઇડ એડ્રેસ :- સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી

વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩



સાવરકુંડલા નગરપાલિકા - સાવરકુંડલા

જીલ્લો : અમરેલી

ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ

આથી સાવરકુંડલા નગરપાલિકા, અમરેલી, જીલ્લો: અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (ખાનગી સોસાયટી-જનભાગીદારી) અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે. કામનું નામઃ વોર્ડનં.૮, જેસર રોડ, અક્ષરધામ સોસાયટીમાં ટ્રી-મીકસ સાથે સી.સી. રોડ અને આર.સી.સી. પાઇપ ગટરનું કામ. ઉપર મુજબની વિગતની કામગીરી કરાવવા માટે તા.૨૭/૦૨/૨૦૨૪ થી ઓનલાઇન ઈ-ટેન્ડરીંગ ભાવપત્રક, વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઈસ બીડ વગેરે વેબસાઈટ https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી, સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. અમરેલી નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

ચીફ ઓફીસર સાવરકુંડલા નગરપાલિકા

ઇ.ચા. પ્રમુખ સાવરકુંડલા નગરપાલિકા

જિ.મા.કા./અમરે/ચ/૫૨૮/૨૪



MARUTI SUZUKI ARENA VITARA BREZZA

WICKEDLY POWERFUL

Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999

Alpha Autolink

મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ અમરેલી



દરેક પ્રકારનાં વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝી કૂલર બનાવનાર...

SINCE 1999

ઓથોં. ડીલર : Haier VOLTAS Rockwell HI-FROST BLUE STAR

તુલસી રેફ્રીજરેશન

છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..

દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી

મો. ૯૪૨૬૨ ૮૦૭૯૭



VHC પર્સનલ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ VHC

| યોજના | મુદલ | મુદત | મળવાપાત્ર |
|---|---|---|---|
| (૧) સુપર મેગા ઓફર | ૧૦૦૦૦૦ | ૧૪ માસ | ૨૦૦૦૦૦ |
| (૨) વન ટાઇમ ડિપોઝીટ | ૧૦૦૦૦૦ | ૩ વર્ષ | ૪૦૦૦૦૦ |
| (૩) મંથલી SIP | ૬૦૦૦૦ | ૫ વર્ષ | ૧૨૦૦૦૦ |
| (૪) ડેઇલી રીકરીંગ | ૩૬૫૦૦ | ૩૬૫ દિવસ | ૫૦૦૦૦ |

''વિશ્વાસ, પ્રોફીટ તમારા સફળતા અમારી''

ખાસ નોંધ : યોજના નં.૧ અને ૨ ઓછામાં ઓછુ ૫૦૦૦ કે ૧૦૦૦૦ થી રોકાણ કરી શકશો

વધુ માહિતી માટે સંપર્ક કરો

પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

એડ્રેસ :- મીરા આર્કેડ, પહેલા માળે, SBI બેંક સામે, લાઇબ્રેરી રોડ,અમરેલી

વિપુલ એચ.ચાવડા (એકાઉન્ટન્ટ) : મો.૯૮૭૯૮ ૮૪૯૭૯

પાર્થ વી.ચાવડા : મો.૯૩૨૮૪ ૭૯૦૭૮

સંપર્ક સમય : સાંજના ૪:૩૦ થી ૭:૩૦



સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન

કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા

રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા

બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર

કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ

દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ

પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા

મિથ્સ હોલીડેઝ

બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩

૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક: પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ મો. ૭૦૪૮૭ ૮૨૦૦૪



સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર



તા.૨૪-૨-૨૦૨૪ શનિવાર



આસ્થા સ્કીન કલીનીક
ડો. જયશ્રીબેન પટેલ Mo. 99093 18606
ઉપલબ્ધ સારવાર
ખીલ, ખીલના કાળા ડાઘ, ધાધર-ખસ-ખરજવુ, વાળ ખરવા-કસમયે વાળ સફેદ થવા માથામાં ઉંદરી-ખોડો, માથામાં ટાલ પડવી, હર્પીસ-સોરાઈસીસ-ચામડી પરના મસા, મોઢાના ચાંદા, ચહેરાની દાઝ, શીળસ, એલર્જી, ગુમડા, કરોળીયા, સફેદડાઘ, નખ પાકવા જેવા ચામડી, નખ, વાળના રોગોની સારવાર.
સંજીવની કોમ્પલેક્ષ, પહેલો માળ, IDBI બેન્ક પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
સમય : સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦, સાંજે ૫-૩૦ થી ૭-૩૦



BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


## અમરેલી જીજીબેન ફોરવર્ડ હાઇસ્કુલમાં વાર્ષિકોત્સવની ઉજવણી નિમિતે

# અમરેલીમાં નૃત્યનાટિકા રામગાથા રજુ કરાઇ

### જીજીબેન ફોરવર્ડ હાઇસ્કુલ અમરેલીના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને આચાર્ય તેમજ શિક્ષકોનુ વાર્ષિકોત્સવ નિમિતે ભવ્યાતિ ભવ્ય સન્માન કરવામાં આવ્યું

### અગામી ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષા અંગે વિદ્યાર્થીઓને શુભકામના સાથે કર્મચારીઓને નિવૃતી વિદાયમાન આપાયું : શાળા દ્વારા પ્રોત્સાહન







અમરેલી, અમરેલીમાં શ્રીમતિ જીજીફોરવર્ડ ગર્લ્સ હાઇસ્કુલ દ્વારા વાર્ષિકોત્સવકૌશલ્યમનીશાનદારઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ નૃત્યનાટિકા રામગાથાની સુંદર રજુઆત થઈ હતી. આ પ્રસંગે પુજય ભકિતરામ બાપુ, શ્રી દિલીપભાઈ સંઘાણી , સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પુર્વ કુલપતિ નિલાંબરીબેન દવે, ભાવનગરના કમિશ્નર તથા ડીવાયએસપીશ્રી મનિષભાઈ ઠાકર, સિંડીકેટર મેમ્બર પાર્થીવજોષી, નિરવભાઈ કવિશ્વર, અશ્વિનભાઈ સાવલીયા, જયંતભાઈ ફિણાવા, વસંતભાઈ મોવલીયા, કેતનભાઈ ધોળકીયા, હિનાબેન ગાંધી, શરદભાઈ પંડયા, મેહુલભાઈ ધોરાજીયા, ડી.જી.મહેતા, તુષારભાઈ જોષી, મનહરસિંહ ગોહિલ, જે.એમ. સોલંકી, આશિષભાઈ જોષી, હિરેનભાઈ વિઠલાણી, પુર્વીબેન સાકરીયા, દિવ્યેશભાઈ સાકરીયાની ઉપસ્થિતિમાં દિપપ્રાગ્ટયબાદ આચાર્ય રોહિતભાઈ મહેતાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. સુપરવાઈઝર ઈલાબેન ત્રિવેદી દ્વારા રામગાથા નૃત્યનાટિકા રજુ કરાઈ હતી. શાળાના નેશનલ ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતાં. પ્રતિભા સંપન્ન આચાર્યનું ટ્રસ્ટીઓ મોમેન્ટો, શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. શ્રી જસ્મીનાબને, શ્રી નિલેશભાઈ ઝાલા, હિરેનભાઈ જાદવ, રાહુલભાઈ, રિમાબને જેઠવાને એવોર્ડ અર્પણ કરી સન્માન કર્યુ હતું. વય મર્યાદા નિવૃતિ બદલ જયોત્સનાબેનને શુભેચ્છા પાઠવી હતી. બોર્ડના વિદ્યાર્થીઓને પણ શુભકામના પાઠવી હતી. આ તકે દિલીપભાઈ સંઘાણી, પુર્વીબેન સાકરીયા, હિરેનભાઈ વિઠલાણી, નિરવભાઈ કવિશ્વરે હાજરી આપી હતી. સંચાલન ડો. જસ્મીનાબને ખંદેડીયાએ કર્યુ હતું.

## બાબરાના કે. ડી. સેદાણી પરિવારમાં શુભલગ્નોત્સવ



બાબરા, (દિપક કનૈયા) અમદાવાદ મૂળ બાબરાના વતની અમદાવાદ વસતા જાણીતા કવિ લેખક, અને બાબરા ચેમ્બરના પૂર્વપ્રમુખ કે,ડી, સેદાણીની ભત્રીજી ક્રિષ્ના તે ગ ,સ્વ, ઈન્દુબેન અને સ્વ, ભરતભાઈ સેદાણીની સુપુત્રી તેમજ યસ (બ,ચ) ચિરાગ (બ,જ) અને વિવેક સેદાણી (કોમ્પ્યુટર એન્જિનિયર) ની બહેન ના શુભ લગ્ન ભાણવડ નિવાસી (હાલ અમદાવાદ) ગ,સ્વ, કિરણબેન તેમજ સ્વ, ધીરેન્દ્ર ભાઈ સુખલાલ સૂચક ના સુપુત્ર કિશન સાથે ૨૪ ફેબ્રુઆરીના રોજ, **arose foods banquet**, કર્ણાવતી ક્લબ રોડ, અસબચ, બોપલ ખાતે યોજાશે. અગાઉ સંગીત સંધ્યા ૨૩ તારીખના રોજ સાંજે 'જલારામ હોલ' લોહાણા મહાજન વાડી,, વેદ મંદિર, કાકરીયા ખાતે યોજાનાર છે. આ શુભ પ્રસંગે સ્વ, ધીરજલાલ ગાંડાલાલ સેદાણી પરિવારે પ્રભુતામાં પગલા પાડનાર નવદંપતીને આશીર્વાદ પાઠવવા ખાસ ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે

## અમરેલીમાં શિવ એન્ટરપ્રાઇઝનો રવિવારથી ભવ્ય પ્રારંભ

### પુ. ભકિતસંભવ સ્વામીના હસ્તે ઉદ્દઘાટન :શ્રી કૌશિકભાઇ વેકરીયા, શ્રી નારણભાઇ કાછડીયાની ઉપસ્થિતિ

અમરેલી, અમરેલીમાં ઇ-બાઇકનો શોરૂમ શિવ એન્ટરપ્રાઇઝ તા. ૨૫ને રવિવારે શરૂ થનાર છે જેનું ઉદઘાટન પુજય ભકિતસંભવ સ્વામી તથા પુજય ગોપાલ સ્વામીના વરદ હસ્તે કરાશે આ પ્રસંગે શ્રી કૌશિકભાઇ વેકરીયા, શ્રી નારણભાઈ કાછડીયા, ડો. ભરત કાનાબાર, રાજેશભાઈ કાબરીયા, શ્રી અશ્વિનભાઈ સાવલીયા, શ્રી મુકેશભાઈ સંઘાણી, શ્રી હિરેનભાઈ હિરપરા, શ્રી મેહુલભાઈ ધોરાજીયા , શ્રી પીપી સોજીત્રા, શ્રી બિપીનભાઈ લીંબાણી, ઈન્દુભા જાડેજા, દિનેશભાઈ ભુવા, ભાવેશભાઈ શોઢા, ભરતભાઈ મકવાણા, અનિલભાઈ વેકરીયા, દિવ્યેશભાઈ વેકરીયા, કૌશિકભાઈ હપાણી, મુકુંદભાઈ મહેતા, તુષારભાઈ જોષી, ડી. સી. ગોલ, સુરેશભાઈ પાથર, સી. પી. ગોંડલીયા, મનહરસિંહ ગોહિલ, શરદભાઈ પંડયા, તુલસીભાઈ મકવાણા, દિલીપભાઈ ભેસાણીયા, મનીષભાઈ ધોરાજીયા, દિલુભાઈ વાળા, ચિરાગભાઈ ત્રિવેદી, નેરશભાઈ મહેતા સહિત ઉપસ્થિત રહશે. તા. ૨૫ને રવિવારે સવારે ૯-૦૦ કલાકે જિલ્લા પંચાયત રોડ મેગા મોલ અમરેલી ખાતે ઉદઘાટનની તડામાર તૈયારીઓ શ્રી ગોવિંદભાઈ પુનાભાઈ વેકરીયા, શૈલેષભાઈ રમણીકભાઈ ભરાડ, ધુમીતભાઈ પરેશભાઈ રાઠોડ, જીતેન્દ્રભાઈ કાનજીભાઈ વાઢેર દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે.

## અમરેલી પાલિકાનાં બજેટ સામે કોંગ્રેસનો વિરોધ

અમરેલી, અમરેલી નગરપાલિકામાં કોંગ્રેસનાં ચુંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા તા. ૨૦-૨નાં બજેટ બેઠકમાં બજેટ સતાનાં મુસદા એજન્ડાની કાર્યસુચી અંગે રજુઆત મુજબ પાલિકાનાં સતાધારી ભાજપ પક્ષ દ્વારા વહિવટ કામગીરીમાં શહેરનાં વિકાસનાં નામે થયેલ ભ્રષ્ટાચારથી તેમજ એકહથ્થુ શાષન ચલાવી સદસ્યશ્રીઓની રજુઆત મુજબ કામગીરી નિકાલ કે કામગીરી ન થતી હોય તેમજ હાલ શહેરમાં ચાલી રહેલા સીસી રોડ, બ્લોક પેવીંગ, સફાઈ સાધનો ખરીદ કરવા, આઉટ શોર્સીગથી થતી તમામ પ્રકારની કામગીરી તથા માલ ખરીદી-ઘન કચરાનાં કોન્ટ્રાક્ટ પધ્ધતિમાં ટેન્ટર પ્રક્રિયામાં ભાડામાં ૧૦૦ ટકા કરતા વધારાનાં ટેન્ડર મંજુર કરવા તથા શહેરી વિસ્તારમાં ગેસ લાઈન પાથરવાની કામગીરીમાં રોડ ખોદાણનાં કેચીંગ કે પેવીંગ કામગીરીનાં ભ્રષ્ટાચાર તથા ગેસ કપાત તરફેણમાં આવેલ ભંગેથી રકમનાં કરોડો રૂપિયાનાં હિસાબનાં ગોલમાલ કે ભ્રષ્ટાચાર કરવાની માત્ર વૃતિની તમામ પ્રક્રિયાની આશંકા તથા કામગીરીનાં ભાવ નક્કી કરવામાં માલાફાઈડ ઈરાદાથી થતી તમામ કાર્યવાહી શંકા પ્રેરીત હોય જેથી સામાન્ય બજેટ બેઠકનો કોંગ્રેસનાં તમામ સદસ્યોએ વિરોધ કર્યો હતો.

## જુનાગઢમાં પીએસઆઇ શ્રી રાઠોડે મહાદેવની પુજા કરી ભવનાથ પોલીસ ચોકીનો ચાર્જ લીધો

### ચાર્જ સંભાળતા પહેલા મહાદેવની પુજા કરી જળાભિષેક કર્યો



જુનાગઢ, (હિતેષ પારેખ) જુનાગઢમાં મનિષકુમાર રાઠોડે ભવનાથ વિસ્તારની પોલીસ ચોકીમાં પીએસઆઈ તરીકે ચાર્જ સંભાળી અને વહીવટી કે અન્ય વ્યવસ્થા માટે સ્ટાફ સાથે પરિચયની કોઈ કામગીરી શરૂ કરે તે પહેલા ભવનાથ મહાદેવના દર્શન કરી જળાભિષેક કર્યો હતો અને આર્શિવાદ મેળવ્યા હતાં.

## બાબાપુર શ્રી પોસ્ટ બેઝિક હાઇસ્કુલમાં વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરાઇ

### 'મને ગર્વ છે મારી માતૃભાષા ગુજરાતી પર' વિષય ઉપર વકતવ્યો અપાયા



બાબરાપુર, (હસમુખ રાવલ) ૨૧મી ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસે 'મને ગર્વ છે મારી માતૃભાષા ગુજરાતી પર' વિષય ઉપર અમારી શાળાના ગુજરાતી શિક્ષક શ્રી હરગોવિંદભાઈ પંડ્યા દ્વારા બાળકોને વક્તવ્ય આપતા જણાવ્યું કે માતા છે, ગુજરાતની ધરતી વતનની એ માટી છે, એ માટીમાં મૂળ છે મારા, ભાષા મારી ગુજરાતી છે. શાળાના અન્ય શિક્ષક શ્રી હિમાંશુભાઈ જોશીએ જણાવ્યું હતું 'ગુજરાતી ભાષા આપણી ગળથૂથીમાં છે.' સાથેસાથે કવિશ્રી સ્નેહલ જોષી ગુજરાતી ભાષાનું ગૌરવગાન કરતી ડિયો ક્લિપ વિદ્યાર્થીઓને સંભળાવી હતી. ગુજરાતી ભાષાદિને સુંદર સુવિચાર રજૂ કરી ભાષા, વાણી વિચારીને બોલવાની રજૂઆત કરી શાળાના ઈન્ચાર્જ આચાર્યશ્રી લાભુબેનના માર્ગદર્શનથી વિશ્વ માતૃભાષા દિવસ ઉજવાયો હતો. શાળામાં શિક્ષક સ્ટાફ તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## રાજુલામાં લુહાર સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતીની ભવ્ય શોભાયાત્રા અને સમૂહલગ્નનું આયોજન

### ભગવાન વિશ્વકર્માની મૂર્તિનું અનાવરણ કરવામાં આવ્યું

રાજુલા, રાજુલા શહેરમાં આજે વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવી હતી લુહાર સમાજ દ્વારા મુખ્ય માર્ગો પર શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને ભગવાન વિશ્વ કર્મની જન્મ જયંતી ઉજવી હતી આ સાથે સમૂહ લગ્નનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં ત્રણ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા આ તબિયત જ્ઞાતિ ભોજન નું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને વિશ્વ હિન્દુ પરિષદ સહિતના આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ ચંદા ગેસ્ટ હાઉસ પાસે ભગવાન શ્રી વિશ્વકર્માની મૂર્તિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા મુખ્ય માર્ગો ઉપર થઈ હતીઆ તો કે વિનુભાઈ મિસ્ત્રી ચિરાગભાઈ જોશી વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ યુવરાજભાઈ ચાંદુ ઘનશ્યામભાઈ મશરૂ જેડી ધાખડા સહિતના ઉપસ્થિત રહ્યા હતા

## ધારી પો. સ્ટે. ના પોકસોના ગુનામાં ત્રણ માસથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

### આરોપીને ભોગ બનનાર સાથે પકડી પાડતી ધારી પોલીસ

અમરેલી, ધારી પો. સ્ટેના પો. ઈન્સ શ્રી એ.એમ.દેસાઈની રાહબરી હેઠળ ધારી પો.સ્ટે ની સર્વેલન્સ ટીમે એ પાર્ટ ગુરન. ૧૧૧૯૩૦૧૮૨૩૦૫૬૧/ ૨૦૨૩ આઈ.પી.સી. કલમ ૩૬૩,૩૬૬ તથા પોકસો એકટની કલમ ૧૮ મુજબ નો ગુન્હો આચરી આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા ત્રણ માસથી નાસતો ફરતો હોય અને તેના વિરૂધ્ધ સેશન્સ તથા સ્પેશ્યલ પોક્સો કોર્ટ ધારી નુ એર૦૦એ કલમ ૭૦ મુજબ વોરંટ ઈશ્યુ થયેલ જેથી ટેકનીકલ સોર્સ તથા હયુમન સોર્સ આધારે ધારી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા આરોપી સંકેતભાઈ ભરતભાઈ શેલડીયા તથા ભોગબનનારને સુરત ના કામરેજ ખાતેથી શોધી કાઢી આગળની કાર્યવાહી કરવામા આવેલ છે.

### પહેલા પાનાનું.
### હડતાલમાં

હજી લેવામાં આવ્યા નથી અને નવી ભરતી કરી અને પર પ્રાર્થના લોકોને ખૂબ જ ઊંચા ભાવ ના રેટ થી અન્ય રાજના લોકોને નોકરી ઉપર રાખે છે જ્યારે લોકલ ને અને જૂના કર્મચારીઓને ૨૦ ૨૦ વર્ષ થયા છતાં પગાર વધારવામાં ન આવતા અંતે કર્મચારીઓ રિલાયન્સ ડિફેન્સ હાલની નવી કંપની ખરીદેલી એ કંપની સ્વાન એનર્જી ની સામે ૩૦૦ જેટલા કર્મચારીઓ હડતાલ ઉપર ઉતર્યા છે કહેવાય છે કે મુંબઈના એક અધિકારી ગુજરાતી કર્મચારીઓ ન ગમતા હોય અને કંપની સામે અવાજ કરે કે તુરતજ છૂટા કરી દેવામાં આવે છે પગાર પણ વધારવામાં આવતો નથી આ અધિકારી કોણ છે તે તમામ ૨૦ વર્ષથી કામ કરતા કર્મચારીઓ જાણે છ અને પગાર પણ ઓછો આપે છે તેમ સ્થાનિક કર્મચારીઓ માંથી જાણવા મળ્યું છે સ્વાન એનર્જી કંપની બેઠેલા કર્મચારીઓ છે તેના પ્રશ્નો હાલ નહીં થાય ત્યાં સુધી કે જ્યાં સુધી પગાર નો વધારો કરવામાં આવે અને અન્ય રાજયના કર્મચારીઓ ભરથી ખાનગીમાં કરે છે તેને રાતોરાત નવી ભરતી બંધ નહીં કરે અને જુના કર્મચારીઓને છુટા કરી દીધા છે એવા કર્મચારીઓને પરત લેવામાં આવે અને તાત્કાલિક પગાર વધારો કરવામાં આવે ત્યાં સુધી હડતાલ ઉપર બેસવાનું નક્કી કર્યું છે તેમ કર્મચારીઓએ જણાવ્યું હતું આજે હડતાલનો ચોથો દિવસ છે કર્મચારીઓ મક્કમ છે કે સ્થાનિક કર્મચારીઓ ઓને અને ૧૫ વર્ષથી જે લોકો કામ કરે છે તેનો પગાર વધારા તો નથી અને નવી ભરતીમાં આવે એનો પગાર ડબલ હોય છે જે અન્યાય સામે આ લડત છે તેમ ઉપવાસી છાવણીએ જણાવ્યું હતું.

### પહેલા પાનાનું.
### કાછડીયા

સાવરકુંડલા બસ ડેપો પાસે આવેલ ફાટક નં. ૬૫, સાવરકુંડલા બાયપાસ પર ખોડીયાર મંદિર પાસે આવેલ ફાટક નં. ૬૬, દોલતી અને મેરીયાણા ગામ વચ્ચે આવેલ ફાટક નં. ૮૭, ભંમર અને ઘાંણલા ગામ વચ્ચે આવેલ ફાટક નં. ૯૧, રાજુલા રોડ અને વણોટ ગામ વચ્ચે આવેલ ફાટક નં. ૯૬ અને ૯૭ ઉપર રૂા. ૨૦.૩૭ કરોડના ખર્ચે નિર્માણ પામેલ રોડ અન્ડર બ્રીજના કામોનું લોકાર્પણ સવારે ૧૦:૪૫ કલાકે પ્રધાનમંત્રીશ્રીના વરદહસ્તે વર્ચ્યુલી થવાનું છે ત્યારે તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ આ સમય દરમ્યાન રાજુલા અને મહુવા રેલ્વે સ્ટેશન ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કેન્દ્ર સરકાર દ્વારા અમરેલીના લોકોને આપવામાં આવેલ કરોડોની ભેટના સાક્ષી બનવા અમરેલીના સાંસદ તરીકે શ્રી નારણભાઈ કાછડીયાએ લોકોને અપીલ કરેલ છે.

## હાથીગઢનાં પત્રકાર શ્રીકાંતભાઇ દવેના આંગણે રૂડા ઢોલ ઢબુકશે

### શ્રીકાંતભાઇ દવેની દિકરી જાનકીના શુભલગ્ન ચિ. ભાવિક સાથે યોજાશે : દવે પરિવાર દ્વારા ઉત્સાહભેર તૈયારી

અમરેલી, હાથીગઢનાં અવધ ટાઈમ્સના પત્રકાર શ્રીકાંતભાઈ નાનાલાલ દવે અને અ.સૌ. ઉર્મીલાબેનની સુપુત્રી ચિ. જાનકીબાના શુભલગ્ન ભાવનગર નિવાસી અ.સૌ. મીનાબેન તથા હર્ષદભાઈ બટુકભાઈ વ્યાસના સુપુત્ર ચિ. ભાવિક સાથે તા. ૩-૩-૨૪ ના રોજ યોજાનાર છે. દવે પરિવાર દ્વારા આ લગ્નોત્સવની તડામાર તૈયારીઓ થઈ રહી છે ભવ્યાતિ ભવ્ય લગ્નોત્સવમાં સગા સ્નેહીઓ, વિવિધ ક્ષેત્રના આગેવાનો અને પરિવારજનો સહિત ઉપસ્થિત રહી નવદંપતિને શુભકામના પાઠવશે. તા. ૨ ના રોજ સવારે ૮ વાગ્યે મંડપ મુહુર્ત, રાત્રે ૯ વાગ્યે દાંડીયા રાસ અને તા. ૩ નાં હસ્ત મેળાપ અને બપોરે ૧૧ કલાકે ભોજન સમારોહ યોજાશે. લગ્નોત્સવને કારણે દવે પરિવારમાં અનેરો ઉત્સાહ છવાયો છે.

## ડાંગ ભાજપનાં શ્રી ગામીત પરિવારનાં શુભ પ્રસંગે ડાભાળીનાં આગેવાનોની ઉપસ્થિતી



ડાભાળી, (રણજીત વાળા) ડાંગ જિલ્લા નાં ભાજપનાં મહમંત્રી રાજેશભાઈ ગામીતના સુભપ્રસંગ માં રાજકીય આગેવાનો સાંસદ કે સી પટેલ અશોકભાઈ ધોરાજીયા ડાંગ જિલ્લા મહામંત્રી ઉર્મિલાબેન ગામીત પૂર્વક કારોબારી સદસ્ય ડાંગ ડાભાળી સરપસ ચંદ્રેશભાઈ વાળા હિંમતભાઈ બાબરીયા સુરત આગેવાનો એ લગ્ન પ્રસંગમાં હાજરી આપી.

### પૂજ્ય શ્રી મોરારીબાપુનાં વરદ હસ્તે આ વર્ષે ધ્યાનસ્વામીબાપા એવોર્ડ માટે સતાધારની પસંદગી થતા

# સેંજળમાં સતાધારની જગ્યાને ધ્યાનસ્વામીબાપા એવોર્ડ અપાયો

**સતાધાર જગ્યાના મહંત પૂજ્ય વિજયબાપુને સવા લાખની રકમ અને પ્રશસ્તીપત્ર આપી સન્માન કર્યુ**

**ચલાલાના મહંત પૂજ્યશ્રી વલકુબાપુએ દેહાણની જગ્યામાં થતી આ વંદનાને ખુબ આવકાર્ય ગણાવી**

**માનવ સેવાની પ્રવૃત્તિ થઈ રહી છે તેને આવો અવસર દિવેલરૂપ ગણાવતા ચાંપરડાનાં પૂ. શ્રી મુક્તાનંદબાપુ**

**સેંજળધામમાં સંતો, મહંતો અને સેવક સમુદાય તથા વિવિધ ક્ષેત્રનાં આગેવાનોની ખાસ ઉપસ્થિતી**



રાજુલા, (કનુભાઈ વરૂ)

સેંજળ, પુ. ધ્યાનસ્વામી બાપા સમાધિસ્થાન સેંજળધામ ખાતે સમૂહલગ્ન, મંદિર પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને ધ્યાનસ્વામી બાપા એવોર્ડ એમ ત્રિવિધ કાર્યક્રમ આજે માઘપૂર્ણિમાના દિવસે તા. ૨૩-૨-૨૪ના પુ. મોરારિબાપુની પાવન સન્નિધિમા સંપન્ન થયાં. પુ. ધ્યાનસ્વામી બાપા એવોર્ડ કાર્યક્રમમાં પ્રારંભમાં સૌ સંતોની ભાવવંદના કરવામાં આવી. સાવરકુંડલા તાલુકાના સાધુ સમાજના પરિચય ગ્રંથનું વિમોચન પણ કરવામાં આવ્યું. સંચાલક શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશીએ ધ્યાનસ્વામી બાપા એવોર્ડની શરૂઆત અને તેની ક્રમબદ્ધ રીતે આગળ વધેલી યાત્રા તથા પૂજ્ય મોરારિબાપુના હેતુઓને સ્પષ્ટ કરીને રજૂઆત કરી. શાબ્દિક સ્વાગત ધ્યાનસ્વામી બાપા ટ્રસ્ટના પ્રમુખ શ્રી તુલસીદાસબાપુ હરિયાણીએ કરી સૌ ઉપસ્થિત સંતો, મહંતો, મહામંડલેશ્વર, અને ભાવકોને આવકાર્યા હતાં. પ્રતિ વર્ષ યોજાતો સને ૨૦૧૧ થી પ્રારંભ થયેલો ધ્યાનસ્વામી બાપા એવોર્ડ ચાલુ વર્ષે સંત શ્રી આપાગીગાની જગ્યા -સતાધારને અર્પણ કરવાનો આ રૂડો -દિવ્ય અવસર અનેક રીતે ધાર્મિકતાના શિરમોર એવા ઉત્સવ તરીકે ઉજવાયો. સતાધાર જગ્યાના મહંત શ્રી પૂજ્ય વિજયદાસ બાપુએ રૂપિયા સવા લાખની રાશિ અને પ્રશસ્તિપત્રની ભાવવંદના સ્વીકારી. આ એવોર્ડ વિવિધ જગ્યાઓમાં જ્યાં માનવસેવા, જીવસેવા થઈ રહી છે તેવી જગ્યાઓને આપવામાં આવે છે. ચાલુ વર્ષે આ એવોર્ડ સમારંભનો ૧૪ માં મણકો હતો. અંશાવતાર દાન મહારાજ ચલાલાની જગ્યાના મહંત પૂજ્ય વલકુબાપુએ આ સમગ્ર ઉપક્રમને એક પ્રસાદ રૂપ ગણાવીને દેહાણ્ય જગ્યાની થતી આ વંદનાને ખૂબ આવકાર્ય ગણાવી. સાધુ સમાજના પ્રમુખ અને ચાપરડાંના મહંત શ્રી પૂજ્ય મુક્તાનંદ બાપુએ કહ્યું કે દેહાણ્ય જગ્યાઓ ભજન અને ભોજન અને એ સિવાયની અનેકવિધ માનવ સેવાની પ્રવૃત્તિ થઈ રહી છે તેને આવો અવસર દિવેલરૂપ ગણાવો જોઈએ. આ બધી જગ્યાઓમાં સમત્વભાવ છે અને તે ભાવે સૌના લોકહૃદયમાં પ્રભુ સ્મરણ પણ સ્થાપિત કર્યું છે. પુ. મોરારિબાપુએ આ પ્રસંગે સૌને સંબોધિત કરતાં કહ્યું કે આજે સતાધાર એટલે કે જ્યાં સતનો આધાર છે તેની ભાવ વંદના કરી શક્યા છીએ તેનો આનંદ છે. આવી જગ્યાઓ અનેક રીતે ગુરુ અને ગુરુ પદ બંનેની મહત્તા દર્શાવે છે જોકે ગુરુ કમજોર હોય શકે, ગુરુ પદ કમજોર ન હોય શકે. આ વંદના ધારણા, ધ્યાન, સમાધિનું પૂજન છે. બાપુએ સમાધિઓના ચેતન તત્વને ઉજાગર કરીને તેનું મહત્વ સ્થાપિત કર્યું. અને ધ્યાનસ્વામી બાપા સમાધિસ્થાન જે રીતે વિકસ્યું છે તેનો રાજીપો પણ વ્યક્ત કર્યો. આ જગ્યા અનેક રીતે પોતાને આકર્ષે છે તેવું ભાવપુષ્પ સમર્પિત કર્યું. આ પ્રસંગે મંદિર પુનઃ નિર્માણ માટે શ્રી દેવાંગભાઈ સોમપુરાનુ સન્માન કરવામાં આવ્યું હતું. આજના આ એવોર્ડ સમારંભની સાથે સાથે ધ્યાનેશ્વર મહાદેવ, પૂજ્ય ધ્યાન સ્વામી બાપા સમાધિસ્થાનનો પુનઃ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. સાથે સાથે સાધુ સમાજના સમૂહ લગ્નનું આયોજન પણ થયું. જેમાં સાધુ સમાજ ઉપરાંત સેંજળ ગામની કન્યાઓ સમેત કુલ ૪૪ દીકરીઓના સમૂહ લગ્ન યોજાઈ ગયાં. આ રીતે ત્રિવિધ કાર્યક્રમ સુપેરે સંપન્ન થયો. આજના દિવ્ય કાર્યક્રમમાં પુ. વલકુ બાપુ - ચલાલા, પુ. મુક્તાનંદબાપુ, પુ. શેરનાથ બાપુ- જુનાગઢ, પુ. જગજીવનદાસજી-કમિજળા જુનાગઢ દુર્ગાદાસ બાપુ -સાયલા, પુ. ઝીણારામ બાપુ સિહોર, પુ રામેશ્વર બાપુ હરિયાણી, પુ લાલદાસ બાપુ- લીબંડી તથા અનેક સંતો મહંતો તથા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### અમરેલી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ દ્વારા સંચાલિત શ્યામ યુવક મંડળ દ્વારા

# અમરેલીમાં પુજય શામજીબાપુની પુણ્યતિથી ઉજવાઇ

**પુણ્યતિથી નિમિતે ગાયોને ઘાસચારો આપી પુજન કર્યુ: રક્તદાન કેમ્પ, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા**



અમરેલી, અમરેલી મુકામે તારીખ ૧૮ ના રોજ સંત શિરોમણી સતાધાર ના મહંત પરમવંદનીય શામજીબાપુની પુણ્યતિથિ નિમિત્તે અમરેલી શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ દ્વારા સંચાલિત શ્યામ યુવક મંડળ દ્વારા પૂજ્ય બાપુની તિથિ ખૂબ જ ધામે તુમે ઉજવવામાં આવેલી જેમાં સવારના ૯:૦૦ કલાકે ગૌશાળામાં ગાયોને ઘાસ કબૂતરને ચણ તેમજ બપોરે ત્રણ કલાકે શ્યામવાડી લીલીયા રોડ ખાતે પૂજ્ય બાપુની પૂજન વિધિ કાર્યક્રમ ત્યારબાદ સાંજના ચાર કલાકે એક રક્તદાન કેમ્પ શરૂ કરવામાં આવેલો જેમાં અંદાજિત ૩૦ એક બોટલ જેવું રક્તદાન એકત્ર કરવામાં આવેલું. ત્યારબાદ સાંજના પાંચ કલાકે એક ભવ્ય ધર્મસભાનું આયોજન કરવામાં આવેલું જેમાં નેસડી ગામ ખોડીયાર મંદિરના મહંત પૂજ્ય લવજીબાપુ અને બગસરા ભાગીગયાની જગ્યાના મહંત પૂજ્ય બાપુ તેમજ આંબા ગામ આપાગીગા જગ્યાના મહંત બાપુ અને અમરેલી આપાગીગા જગ્યાના મહંત બાપુ તેમજ ઘણાબધા સંતો તેમજ સમસ્ત સમાજ ની હાજરીમાં આ વિવિધ કાર્યક્રમો કરવામાં આવેલા આજની આ પૂજ્ય શામજીબાપુની તિથિ નાં દાતા એવા મંડોરા પરિવાર શ્રી પ્રવીણભાઈ મંડોરા તેમજ મુકેશભાઈ મંડોરા રજવાડી સિલેક્શન અને મનોજભાઈ મંડોરા હિતેશભાઈ મંડોરા દ્વારા આજના દિવસે ભોજન પ્રસાદના દાતાશ્રી બની સમસ્ત સમાજના લગભગ પાંચેક હજાર ભક્તજનોએ આ પ્રસાદનો લાભ લીધેલો આ કાર્યક્રમ સફળ બનાવવા શ્યામ યુવક મંડળ પ્રમુખ વિજયભાઈ મારુ ઉપપ્રમુખ હરેશભાઈ ટાંક, નિલેશભાઈ ચૌહાણ, જેપી ટાંક, અનિલભાઈ આ જગ્યા ભીખુભાઈ ચાવડા ચીમનભાઈ ટાંક, નંદલાલભાઈ વાઘેલા, રાજેશભાઈ માળવી, હિરેનભાઈ સોલંકી, નંદલાલભાઈ વાઘેલા, રાજુભાઈ માળવી અને શ્યામ મંડળના ઘણા બધા કાર્યકર ભાઈઓ તેમજ સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી, ઉપ-પ્રમુખ કિશોરભાઈ આ જગ્યા ઉપપ્રમુખ બાબુભાઈ પોરીયા ચેતનભાઈ, ચૌહાણ મુકેશભાઈ, મંડોરા ધર્મેન્દ્રભાઈ, કાચા મૌલિકભાઈ, જેઠવા નિમેશભાઈ, કાચા મહેશભાઈ, સોન્ડીગળા અશ્વિનભાઈ, વાઢેર ગોપાલભાઈ, વનરા તેમજ સમાજ અગ્રણી શ્રી મનસુખભાઈ ચૌહાણ, શ્રી બાબુભાઈ ટાંક ખોડીયાર બિલ્ડર્સ, જયંતીભાઈ મનાણી સહિત નાશ્યામ યુવક મંડળના તમામ કાર્યકર્તાભાઈઓ દ્વારા પૂજ્ય બાપુની તિથિ ખૂબ જ ધામે ઉજવવામાં આવેલી તેમ સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવવામાં આવેલ છે


## ધારીના દવે પરિવારમાં

## શુભલગ્નોત્સવ

**ચિ. કૌશિક** **ચિ. ધર્મિષ્ઠા**

ધારીના ગં.સ્વ. રસીલાબેન તથા સ્વ.હસમુખભાઈ ડાયાભાઈ દવે (ગિરનારી)ના સુપુત્ર ચિ. કૌશીકના શુભલગ્ન રૂખડભગતની વાવડી નિવાસી હાલ સારકુંડલાના સ્વ. ગીતાબેન તથા શ્રી વિનોદરાય ગૌરીશંકરભાઈ મહેતાની સુપુત્રી ચિ. ધર્મિષ્ઠા સાથે તા. ૨-૩-૨૪ના રોજ નિર્ધારિલ છે.


# મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડ માંથી સહાય મંજૂર કરાવતા ધારાસભ્યશ્રી જનકભાઇ તળાવીયા

**શ્રી તળાવીયાએ રૂા.૧૦ લાખની સહાય મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી અપાવી**

બાબરા, હાલ સરકાર શ્રી દ્વારા ગુજરાત રાજ્ય તેમજ સમગ્ર દેશના નાગરિકો ના આરોગ્યની સતત ચિંતા કરવામાં આવી રહી છે તેના ભાગરૂપે ગુજરાત રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા દેશના નાગરિકોને આરોગ્ય લક્ષી સેવાઓ મળી રહે અને મફત સારવાર મળી રહે તેવા ઉમદા હેતુથી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આયુષ્યમાન કાર્ડ આપી રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૫ (પાંચ) લાખ તેમજ કેન્દ્ર સરકાર દ્વારા રૂપિયા ૫ (પાંચ) લાખ એમ મળે કુલ રૂપિયા ૧૦ (દસ) લાખની આરોગ્ય સારવાર સહાય આપવામાં આવી રહી છે અને વધારાની સહાય માટે સરકાર શ્રી દ્વારા મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડ માંથી સહાય ચૂકવવામાં આવી રહી છે ત્યારે લાઠી બાબરા વિસ્તારના સતત પ્રયત્નશીલ જાગૃત અને નામના નહીં પણ કામના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા લાઠી તાલુકાના તાજપર ગામના શ્રી કરણભાઈ માનસંગભાઈ ઠેરાણા ને કેન્સર ની બીમારી હોવાથી મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય પેટે રકમ આપવા ભલામણ કરતા રાજ્ય સરકાર મુખ્યમંત્રીશ્રી ના રાહત ફંડ માંથી રૂપિયા એક લાખ મંજૂર કરવામાં આવેલ છે તેમજ બાબરા તાલુકાના ઈશ્વરીયા ગામના શ્રી થોભણભાઈ બીજલભાઈ મુંધવાને (પોસ્ટ વાયરલ એ ડી ઈ એમ) રોગની સારવાર માટે પણ રૂપિયા એક લાખ મંજૂર કરવામાં આવેલ છે અને આ બંને પરિવારોને આ સહાયની રકમ પોતાના ખાતામાં આવી ગયેલ છે આવી રીતે લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા લોકોની સેવા માટે સતત કાર્યરત છે અને આ બંને પરિવારોને મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડ માંથી સહાય મળતા બંને પરિવારો દ્વારા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નો આભાર માનેલ છે


**વાહ કયા સીન હે..!**



**ભવ્ય**

જયકુમાર રમેશભાઈ ઉમરાળીયા અને મમ્મી દિવ્યાબેન જયકુમાર દાદા રમેશભાઈ દાદી હેમલતાબેનનો વાહલો ભવ્ય આજે જન્મ દિવસ ઉજવશે તેમ પણ કેક ખાવા આવજો.


### પ્રાથમિક શિક્ષણ કેરિયાનાગસમાં લઇ કેનેડા સ્થાયી થયેલ

# કેરિયાનાગસના પુર્વ વિદ્યાર્થીની કુ. દિપાલીબેન હરખાણીએ પ્રા. શાળાને રૂા. ૫૧ હજારની સરસ્વતીની મુર્તિ ભેટમાં આપી

**શાળાના શિક્ષકોનું શાલ ઓઢાડી સન્માન : બાળકોને અલ્પાહાર કરાવાયો : અમેરિકા, કેનેડાના મહેમાનોએ પ્રસંશા કરી**



કેરિયાનાગસ, કેરિયાનાગસ પ્રાથમિક શાળામાં અભ્યાસ પુર્ણ કરી હાલ કેનેડા થાઈ થયેલ કુમારી દિપાલીબેન ભરતભાઈ હરખાણીએ પોતાના બાળપણની શાળામાં રૂપિયા ૫૧ હજારના ખર્ચે માં સરસ્વતીની મુર્તિ શાસ્ત્રોક વિધી સાથે શાળામાં સ્થાપન કરી શાળાનું ઋણ ચુકવ્યું હતું પ્રસાદી રૂપે શાળાના બાળકોનો અલ્પાહાર કરાવ્યો હતો. કેરિયાનાગસની પ્રા.શાળામાં જિલ્લામાં પ્રથમ ક્રમે આવેલો હોય જેમાં શાળાના શિક્ષકોનું મહત્વનું યોગદાન હોવાથી આ પ્રસંગે અમેરિકાથી પધારેલ શ્રી ધનજીભાઈ હરખાણી, ડો. જયભાઈ હરખાણી, શ્રી શંભુભાઈ હરખાણી, અનિલભાઈ હરખાણી વિગેરે શાળાના તમામ શિક્ષક ભાઈ બહનોને શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. શાળાના આચાર્ય રસિકભાઈ મહેતાએ તમામ મહેમાનોને દરેક વર્ગખંડ બતાવીને શાળાની સંપુંણ માહિતી આપી હતી. આ પ્રસંગે ગામના સરપંચ શ્રી રાજુભાઈ મેવાડા, શ્રી લક્ષ્મણભાઈ લાઠીયા, ભરતભાઈ હરખાણી, નારણભાઈ લાઠીયા, રણછોડભાઈ સાવલીયા, વિનુભાઈ હરખાણી, ચિમનભાઈ હરખાણી, અશોકભાઈ હરખાણી, શૈલેષભાઈ હરખાણી, બાલુભાઈ હરખાણી, દિનેશભાઈ હરખાણી તેમજ બહારગામથી પધારેલા મહેમાન તથા શાળાના બાળકો તથા વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકામાં આવેલા

# ધાવડા મોટા ખાતે પકડાયેલા અનાજના જથ્થા સામે કલેકટરશ્રીની કડક કાર્યવાહી

**પોલીસ દ્વારા ઝડપી લેવાયેલ બિન વારસી ટેમ્પોમાંથી રૂા. ૩ લાખનો જથ્થો મળ્યો**

ભુજ, નખત્રાણાના મોટા ધાવડાથી પોલીસે રૂા. ૩ લાખના અનાજનો જથ્થો પકડી પાડેલ છે. અત્રેના જિલ્લાના નખત્રાણા તાલુકાના ધાવડા મોટા ગામ મધ્યેથી નખત્રાણા પોલીસ દ્વારા તા. ૨૦/૦૨/૨૦૨૪ ના ૨૩:૦૦ કલાકે બિનવારસુ ટેમ્પો પકડવામાં આવ્યો હતો. જેમા ચોખા ૯૭૫૦ કિલો કિંમત રૂા. ૨, ૪૩,૭૫૦, ચણા-૧૧૫૦ કિલો કિંમત રૂા. ૪૬,૦૦૦, બાજરી- ૨૫૦ કિલો કિંમત રૂા. ૫૦૦૦ એમ મળી કુલ ૧૧,૧૫૦ કિલો શંકાસ્પદ અનાજનો જથ્થો જેની કુલ કિંમત રૂા. ૨,૯૪,૭૫૦ મળી આવ્યો હતો. જે અનાજનો જથ્થો તથા બિનવારસુ ટેમ્પો આશરે કિંમત રૂા. ૪,૦૦,૦૦૦ એમ કુલ રૂા. ૬,૯૪,૭૫૦ નો મુદ્દામાલ સીઝ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે તેમજ પકડાયેલ અનાજના જથ્થાના નમુના લેવા નાયબ જિલ્લા મેનેજરશ્રી (ગ્રેડ ૨) ને સુચના આપવામાં આવેલી છે. શંકાસ્પદ જથ્થા બાબતે કલેકટરશ્રી કચ્છ દ્વારા માહિતી પુરાવા એકત્ર કરવા તથા વિગતવાર અહેવાલ રજુ કરવા તાત્કાલીક ટીમની રચના કરી સઘન તપાસણી પણ હાથ ધરવામાં આવેલી છે તથા જવાબદારો સામે કડક પગલાં લેવા સુચના આપવામાં આવી છે.

## ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# વેરાવળ બંદરેથી ૩૫૦ કરોડનું હેરોઇન ઝડપાયું

**દરિયાઇ માર્ગે ફિસીંગ બોટમાં ૫૦ કિલો જથ્થો વેરાવળ લવાતા ઝડપી લીધો**



ગીર સોમનાથ,

વેરાવળ બંદરેથી ૩૫૦ કરોડનો હેરોઈનનો જથ્થો ૫૦ કિલો દરિયાઈ માર્ગે ફિસીંગ બોટમાં વેરાવળ લાવતા ગીરસોમનાથ જિલ્લા પોલીસ વડા મનહોરસિંહ જાડેજાની મળેલ બાતમીના આધારે ૫૦ કિલો હેરોઈનનો જથ્થો કાંઠે બોટમાંથી કારમાં અનલોડ થઈ રહ્યો હતો ત્યારે જ પોલીસ ત્રાટકી તે સમયે બોટમાં આવેલ સાત અને કાર લઈ જથ્થાની ડિલેવરી લેવા ગયેલ બે વ્યકિતઓ સહિત નવ આરોપીઓની ધરપકડ કરી આરોપીઓની ક્રોસ પુછપરછ ચાલી રહી છે. માછીમારી કરવા ગયેલી બોટ પરત ફરે ત્યારે નસીલા દ્રવ્યોનો જથ્થો ઉતારવાની પોલીસને મળેલી બાતમી સચોટ નિવડી હતી.

દરિયાઈ કાંઠે પોલીસ છેલ્લા ઘણા મહિનાઓથી સજ્ઞ બનતા કાળો કારોબાર કરતા આંતરરાષ્ટ્રીય કનેકશન ધરાવતા તત્વોમાં ફફડાટ મચી ગયો છે. ઝડપાયેલી બોટમાંથી સેટેલાઈટ ફોન પણ કબ્ઝે લેવામાં આવ્યો છે. આ ઉપરાંત હેરોઈનની ડિલીવરી લેવા આવેલી મારૂતિ કાર પણ કબ્ઝે લેવામાં આવી હતી. અને આ અંગેની વધુ વિગતો મેળવાય રહી છે. કચ્છ અને ગીરસોમનાથ જિલ્લામાંથી સમયાંતરે કેફી દ્રવ્યોનો જથ્થો જડપાતો રહ્યો છે. આ કામગીરીમાં હાલ એટીએસ સહિત ગીરસોમનાથ એસોઓજી, એલસીબી, કેફે સેલ એફએસએલ અને મરીન પોલીસ સહિતની બ્રાન્ચ દ્વારા તપાસ શરૂ કરાઈ છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જુનાગઢ નેત્રમ શાખાને ડીજીપી દ્વારા ૧૫મો એવોર્ડ અપાયો

**સીસીટીવીનો ઉપયોગ કરી બનાવોનાં ભેદ ઉકેલવામાં સમગ્ર રાજ્યમાં જુનાગઢ નેત્રમ શાખા ૧૦મીવાર પ્રથમ નંબરે**



જુનાગઢ, (હિતેષપારેખ) ગુજરાત પોલીસમાં વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરી ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર જિલ્લાને દર ત્રણ માસે એવોર્ડ એનાયત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમાં રાજ્યનાં પોલીસ વડાની કચેરી દ્વારા ગુજરાત રાજ્યનાં દરેક જિલ્લામાંથી સારી કામગીરીની દરખાસ્ત મંગાવી કમીટી દ્વારા વિજેતાઓનાં નામ નક્કી કરી રીવર્ડ એન્ડ રેકોગ્નાઈઝેશન પ્રોગ્રામ હેઠળ એવોર્ડ એનાયત કરી રાજ્યનાં ડીજીપી શ્રી વિકાસ સહાયનાં હસ્તે સન્માન કરી સન્માન પત્ર એનાયત કરવાં આવે છે. જેમાં જુનાગઢ રેન્જનાં ડીઆઈજી નિલેશ ઝાઝડીયા તથા જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા સીસીટીવીનો મહતમ ઉપયોગ કરી શહેરમાં ટ્રાફિક નિયમન તથા જિલ્લામાં બનતા કોઈપણ ગુનાનો ભેદ ત્વરીત ઉકેલવા, કોઈ વ્યક્તિનો કિંમતની સામાન ગુમ થયેલ હોય, ક્યાંય ભુલી ગયેલ હોય તો ત્વરીત તે સામાન શોધી પોલીસ પ્રજાનો મિત્ર છે. તે સુત્રને સાર્થક કરવા સુચના આપેલ છે. તા. ૧-૭-૨૩ થી ૩૦-૯-૨૩ સુધી સીસીટીવી કેમેરાનો ઉત્કૃષ્ઠ ઉપયોગ કરી કેસ ઉકેલવામાં મળેલી સફળતાની કામગીરીનું મુલ્યાંકન કરવામાં આવતા જુનાગઢ નેત્રમ શાખાને રાજ્યનાં ડીજીપી દ્વારા ૧૫મો એવોર્ડ આપવામાં આવ્યો હતો. સમગ્ર રાજ્યમાં જુનાગઢ નેત્રમ શાખાને સતત દસમી વખત પ્રથમ નંબર મળેલ છે.

